રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજનાના
અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
પરિપત્ર ક્રમાંક: એનએસપીએસ- ૧૦૨૦૦૧ - ૨૫૯૯ - છ,૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૪ - ૧ - ૨૦૦૨

**વંચાણે લીધો :-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક:વીએનપી/૧૦૯૫/આ.૭૭/છ તા:- ૨૫/૯/૯૫

(૨) રીટપીટીશન (સી) નં. ૧૯૬/૨૦૦૧ પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીઝ વિ. ભારત સરકાર અને અન્યના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ,નવી દિલ્હીના તા:-૨૮/૧૧/૨૦૦૧ નો ચુકાદો

**પરિપત્ર :-**

આમુખ -૧માં દર્શાવેલ સમાજ કલ્યાણ વિભાગના તા:- ૨૫/૯/૯૫ ના ઠરાવથી રાષ્ટ્રિય યોજના અમલમાં મુકવામાં આવે છે. જેમાં ગરીબ કુટુંબના કમાનાર વ્યકિતનું કુદરતી અથવા અકુદરતી કે અકસ્માત મુત્યુ થાય ત્યારે ભારત સરકાર દ્વારા આર્થિક રાહત ચૂકવવામાં આવે છે. નામદાર સુપ્રિમકોર્ટ રીટ પીટીશન નં. (સી) ૧૯૬/૨૦૦૧ પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્ય ના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તા:- ૨૮/૧૧/૦૧ ના ચુકાદાથી રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના કુટુંબને રૂ.૧૦,૦૦૦/- ની સહાય ચાર અઠવાડિયા સુધીમાં ચૂકવી આપવા આદેશ કરેલ છે.

આથી, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉકત ચુકાદા અન્વયે આ યોજના હેઠળ આવતી અરજીઓમાં જરુરી સહાય ચાર અઠવાડિયા સુધીમાં ચુકવણું અવશ્ય કરવામાં આવે તે જોવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે. જો ચુકવણામાં વિલંબ થશે તો નામદાર સુપ્રિમકોર્ટના આદેશના ભંગથવા બદલ સંબંધિત કલેકટરશ્રીની કચેરી જવાબદાર ગણાશે તેથી આ અંગેની જરુરી સહાયની રકમ ભારત સરકારમાંથી સમયસર મેળવી લેવાની કાર્યવાહી પણ આગોતરી કરવા માટે સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ. પટેલ)
સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
સર્વે કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ
પસંદગી ફાઈલ.

એનઓટી.પેજ.૭૧/